આચાર્ય જોઈએ છે.

સરસ્વતી વન વિદ્યા મંડળ સંચાલિત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ માંડવી જિ. સુરત (ગ્રાન્ટ-ઇન-એઇડ) માં આચાર્યની ખાલી પડેલ જગ્યા ભરવા માટે ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્રક્રમાંક :કવટ/I S C - 8 / આ ભરતી /૨૦૨૫ /૨૩૬૬૯/૭૦ તા.૧૬/૧૦/૨૦૨૫ મુજબ યુ.જી.સી. ગાઈડલાઈન્સ તેમજ સરકારશ્રીના ઠરાવોની વખતો વખતની સુચનાઓ અને જોગવાઈઓ અનુસાર કોલેજમાં ચાલતા પ્રવાહના વિષયના આચાર્યની ભરતી કરવા મંજુરી મળેલ છે. નિયત લાયકાત ધરાવતા ઉમેદવાર પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.

ઉમેદવારની શૈક્ષણિક લાયકાત

૧. ઉમેદવાર યુ.જી.સી.ની ૩૦ જુન ૨૦૧૦ અને ૧૮ જુલાઈ ૨૦૧૮ ની માર્ગદર્શિકા તથા શિક્ષણ વિભાગના ઠરાવ એનજીસી/1020/CHE-219/ખ. તા.૨૪/૦૫/૨૦૨૧ થી નિયત કરેલ વખતો-વખતના ઠરાવ પ્રમાણે લાયકાત ધરાવતા હોવા જોઈએ.
૨. માન્ય યુનિવર્સિટીમાંથી ઓછામાં ઓછા ૫૫% સાથે અનુસ્નાતક ડિગ્રી તથા Ph.D ની ડિગ્રી ધરાવતા હોવા જોઈએ. ઉમેદવાર વર્તમાન સમયમાં સરકારશ્રી/યુ.જી.સી. રેગ્યુલેશન પ્રમાણે કોલેજ/યુનિવર્સિટી કે ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં પ્રોફેસર/એસોસિએટ પ્રોફેસરના પગાર ધોરણ/ગ્રેડ પે (સાતમા પગાર પંચ મુજબ) માં પ્રમોશન તથા અનુભવ શિક્ષણ વિભાગના ઠરાવની જોગવાઈઓ મુજબ તથા યુ.જી.સી. ના ધોરણો અનુસાર હોય જેની નોંધ સેવાપોથીમાં સરકાર દ્વારા અધિકૃત અધિકારી દ્વારા સહી-સિક્કા કરી પ્રમાણિત કરેલ હોવું જોઈએ.સાથે ઓછામાં ઓછા ૧૫ વર્ષનો શૈક્ષણિક /સંશોધન ક્ષેત્રે સેવાનો અનુભવ ધરાવતા હોવા જોઈએ. તેમજ ફોર્મ-૧૬ આઈ.ટી.રિટર્ન સામેલ રાખવું.
૩. યુ.જી.સી. રેગ્યુલેશન-૨૦૧૮ પારા 4.1V(A) મુજબ પીઅર રિવ્યુડ અથવા યુ.જી.સી. સૂચિબધ્ધ જર્નલમાં ઓછામાં ઓછા ૧૦ રીસર્ચ પેપર્સ તથા પરિશિષ્ટ-૨,કોષ્ટક-૨ મુજબ કેટેગરીમાંથી ઓછામાં ઓછી ત્રણ કેટેગરીનો ન્યુનતમ રીસર્ચ સ્કોર ૧૧૦ હોવો જોઈએ.
૪. નોકરી કતી ઉમેદવાર સંસ્થાનું એન.ઓ.સી. જોડવાનું રહેશે..
૫. અધુરી વિગતોવાળી અને સમય મર્યાદા બાદ આવેલ અરજી ગ્રાહ્ય રહેશે નહીં.
૬. ઉમેદવાર ભારતીય નાગરિક હોવા જોઈએ તેમજ કોઈપણ સંસ્થા કે સરકારશ્રીમાં ગુનાહિત રેકર્ડ ધરાવતા ન હોવા જોઈએ.
૭. લાયકાત ધરાવતા ઉમેદવારે નિયત નમૂનામાં અરજી પોતાના સરનામાવાળું કવર ઉપર રૂ.૫૫/- ની ટપાલ ટિકિટ ચોટાડીને તેમજ તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ .સ્નાતક, અનુસ્નાતક, Ph.D રીસર્ચ. એ.પી.આઈનું ગણતરી પત્રક, અનુભવના પ્રમાણપત્રોની સ્વ.પ્રમાણિત નકલ અન્ય જરૂરી ડોક્યુમેન્ટ સાથે જાહેરાત પ્રસિધ્ધ થયાના દિન-૨૫ માં ટ્રસ્ટશ્રીને રજીસ્ટર પોસ્ટ.એડી થી નીચે જણાવેલ સરનામે અરજી મોકલવાની રહેશે.
૮. ભરતી સંબંધી જરૂરી અરજી નો નમૂનો તથા સંદર્ભ ઠરાવો સંસ્થાની વેબસાઇટ www.artsandcommercecollegemandvi.com પર ઉપલબ્ધ છે. **તા. 18-12-2025**

અરજી મોકલવાનું સરનામું : માનનીય પ્રમુખ/મંત્રીશ્રી સરસ્વતી વન વિદ્યા મંડળ માંડવી, ટેલિફોન ઓફિસ પાસેકીમ રોડ માંડવી, જિ. સુરત -૩૯૪૧૬૦ (ગુજરાત)

ઓન લાઇન ટેન્ડરીંગ માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત સરકાર
જાહેર નિવિદા નં - ૩૫ સને ૨૦૨૫-૨૬

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના વતી કાર્યપાલક ઇજનેરશ્રી, રાજપીપલા (મા.મ) વિભાગ, રાજપીપલા જિ. નર્મદા ફોનનં ૦૨૬૪૦-૨૨૨૯૩૯ દ્વારા પુલના એક કામ માટે યોગ્ય શ્રેણીમાં નોંધણી ધરાવતા ઇજારદારો પાસેથી સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર ઓન લાઇન ટેન્ડર માંગવામાં આવેલ છે. જેની અંદાજીત કિંમત ૫૮.૦૬ લાખની છે. ઉપરોક્ત કામના ટેન્ડર ડોક્યુમેંટ વેબસાઇટ https://tender.nprocure.com ઉપર તા.૦૬/૦૧/૨૦૨૬ સુધી ઉપલબ્ધ રહેશે તથા માહિતી વિભાગ સાઇટ www.statetenders.com ઉપર જોવા મળશે. નિવિદામાં થનાર ફેરફાર વેબસાઇટ પર જોવા મળશે.
માહિતી/નર્મદા/૪૦૫/૨૦૨૫-૨૬

પાવર રદ કરવાની નોટીસ

આથી હું કિશોરભાઈ ગોપાળજી પટેલ જાહેર જનતાને જાણ કરું છું કે મેં અમેરિકા ખાતે મારા પુત્ર વિકાસ કિશોર પટેલને ફ્લેટ નં. ૬/૬૦૩, રીવેરા ટાવર્સ, બિલ્ડીંગ નં.૬, BAPS મંદિરની બાજુમાં, અડાજણ, સુરતનો વહીવટ કરવા માટે જનરલ પાવર આપેલ હતો તે રદ બાતલ ગણવાનો છે. આ અંગે કોઈપણ વહીવટની જાણ મને નીચે જણાવેલ સરનામે દિન-૭ માં જાણ કરવી અથવા ડૂબડૂ મળવું.

કિશોરભાઈ ગોપાળજી પટેલ
સરનામું :ફ્લેટ નં-૪ / બી-૧ એપાર્ટમેન્ટ, વિશાલનગર સોસાયટી, અડાજણ રોડ, સુરત.

ડિસ્ટ્રીકટ સુરત, સબ-ડિસ્ટ્રીકટ તાલુકો ઓલપાડ મોજે ગામ-કુંકણીના રે.સર્વે નં.૫૬/૯+૧૯+૧૧, બ્લોક નં.૧૧૭ વાળી જમીનના વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ડિસ્ટ્રીકટ સુરત, સબ-ડિસ્ટ્રીકટ તાલુકો ઓલપાડ મોજે ગામ કુંકણી ના રે.સર્વે નં. ૫૬/૯+૧૯+૧૧, બ્લોક નં.૧૧૭ જેનું ક્ષેત્રફળ ૧૫૪૮૦ ચો.મી. આકાર રૂા.૨૧.૨૫ પૈસા જે પૈકી ૩૫૪૦.૯૫ ચો.મી. વાળી જુની શરતની જમીનના માલીક નૈનેષકુમાર હસમુખભાઈ તથા શૈલેષકુમાર હસમુખભાઈ ની સ્વતંત્ર માલિકીની ચાલી આવેલ. સદરહુ જમીન સંયુક્ત માલિકી, પ્રત્યક્ષ કબજા, ભોગવટા, વહીવટવાળી તેમજ કલીયર માર્કેટેબલ ટાઈટલ્સ તથા કોઈપણ પ્રકારના દાવાઓ તથા બોજાઓ વગરની હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કર્યુ છે અને અમારા અસીલ સદરહુ જમીન ખરીદ કરવા ઈરાદો ધરાવે છે. સદરહુ જમીનમાં કોઈપણ વ્યકિત, સંસ્થા કે બેંક કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત-હિસ્સો, અલાખો, અધિકાર, લીસપેન્ડન્સ, લીયન કે એટેચમેન્ટ, ઈઝમેન્ટ, ખોરાકી-પોપાકી, જામીનગીરી, ચાર્જ-બોજો, દાવો-ફરીયાદ, ગીરો, બાનાખત, વારસાઈ વિગેરે હોઈ તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭ માં અમોને પુરાવા સહિત લેખિતમાં નીચે જણાવેલ સરનામે જાણ કરવી જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે, સદરહુ જમીનમાં કોઈપણ પ્રકારનો હક્ક, હિત-હિસ્સો, અલાખો, અધિકાર, લીસપેન્ડન્સ, લીયન કે એટેચમેન્ટ, ઈઝમેન્ટ, ખોરાકી-પોષાકી, જામીનગીરી, ચાર્જ-બોજો, દાવો-ફરીયાદ, ગીરો, બાનાખત, વારસાઈ વિગેરે નથી અને હોય તો જતો કર્યો છે યાને છોડી દીધો છે એમ માની અમારા અસીલ સદરહુ જમીનનો રજીસ્ટર્ડ પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે ભવિષ્યમાં તે અંગે કોઈની કાંઈપણ પ્રકારે તકરાર, દાવો ફરિયાદ ચાલશે નહીં જેની લાગતા વળગતાત્ઓએ નોંધ લેવી. તા. ૧૮/૧૨/૨૦૨૫

રૂ૦૪, રોયલ પાર્ક એપાર્ટમેન્ટ, દિપા કોમ્પલેક્ષની બાજુમાં, અડાજણ, સુરત. મો. ૭૭૭૮૯-૦૯૩૩૩
રાકેશ જી. લાડ
તે ખરીદનારનાં એડવોકેટ એન્ડ નોટરી

-: વેચાણ અંગેની જાહેર નોટીસ:-

આથી જાહેર નોટીસ થકી જણાવવામાં આવે છે કે સુરત જીલ્લાના સીટી તાલુકા ચોર્યાસીના મોજે ગામ ઉમરવાડાના રે.સ.નં-૮૦, ટી.પી નં-૮, ફા.પ્લોટ નં-૩૧ સુરત સીટી વોર્ડ ઉમરવાડાના સર્વે નં-૩૫૧૫/અ પૈકીમાં આવેલ રઘુવીર સોસાયટીથી ઓળખાતી વસાહતમાં આવેલ પ્લોટો પૈકી પ્લોટ નં-એ/૩ જેનું ક્ષેત્રફળ સુમારે ૨૨૨.૦૦ સ.ચો.વાર યાને ૧૮૬.૦૦ ચો.મી.વાળી જમીન તથા અમલા ઇમારત સહિતની મિલ્કત શ્રીમતી ધનગૌરી અરવિંદલાલ ખંભાતીએ પોતાની સ્વતંત્ર માલીકી અને કબજા ભોગવટામાં હોવાનું અને આજદીન સુધીમાં કોઇપણ વ્યકિત સંસ્થાને કોઇ પણ રીતે તબદીલ કરેલ નથી તેમ જણાવી મારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. સબબ સદરહુ મિલ્કતમાં હર કોઇ વ્યકિત કે સંસ્થાનો હરકોઇ પ્રકારનો લાગભાગ, દરદાવો, ભરણપોષણ, ઇઝમેન્ટ, ભાડુત, વારસાઇ કે કોઇ પણ પ્રકારનો હકક, હિસ્સો હોય તો તેની જે કોઇ પુરાવા હોય તે સહિત આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭ માં હમોને નીચે જણાવેલ સરનામે રૂબરૂ મળવુ યા જાણ કરવી. જો તેમ કરવામાં કસુર યા ચુક થશે તો સદરહુ મિલ્કતમાં કોઇના કોઇ પણ પ્રકારના લાગ-ભાગ, હકક, હિત, સંબંધ, દર-દાવાદુવીના પ્રકરણો, ચાર્જ બોજા યા ખોરાકી-પોષાકીના હકક અધિકાર નથી અને હોઇ તો તે વેઇવ યાને જતા કરેલ હોવાનું માની લઇ મારા અસીલ સદરહુ મિલ્કતનાં વેચાણ અંગેના અવેજના નાંણા ચુકવી તેમજ વેચાણ વ્યવહાર પુરા કરી સદરહુ મિલ્કતનાં ટાઇટલ કલીયર હોવાનું માની પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. મુદતબાદની તકરાર કે વાંધા મારા અસીલને બંધનકર્તા રહશે નહીં જેની લાગતાવળગતા સર્વોએ આખરી નોંધ લેવી.

તા.૧૮/૧૨/૨૦૨૫
ઓફીસઃ ૨૦,પંચરત્ન ટાવર, લં.હ.રોડ, સુરત.
મો.નં-૭૫૭૫૦૪૬૮૧
મારી મારફત :-
આયુષ વિમલકુમાર મહેતા
સુરત તે ધી ગુ.હા.ઉમરવાડા અર્બન કો.ઓ.ક્રે.સો.લીના એડવોકેટ

બૅંક ઑફ બડૌદા Bank of Baroda
ભાડભૂત શાખા : બસ સ્ટેન્ડ સામે, મુ. પોસ્ટ. ભાડભૂત, તા અને જી ભરૂચ- ૩૯૨૦૦૨ Email : bhadb@bankofbaroda.com

સરફેસી એક્ટ, ૨૦૦૨ ના સેકશન ૧૩ ના સબ-સેકશન (૨) હેઠળ દેવાદારને નોટીસ

પ્રતિ, **૧. શ્રી વિજયસિંગ નવલસિંગ રાજપૂત (દેવાદાર)**
૨. શ્રીમતી કમલેશ્વરીદેવી નવલસિંગ ભદોરીયા (સહદેવાદાર) :
અ) ઈ-૩૭૭૨, મોટા બજાર પોલીસ ચોકી, મોહમ્દપુરા રોડ, ભરૂચ-૩૯૨૦૦૧
બ) પ્લોટ નં. સી/૧, સી/૨ રીવાઈઝર્ડ પ્લોટ નં. ૬, બ્લોક નં. ૨૯૨, તવરા, ભરૂચ- ૩૯૨૦૧૧.

મહેરબાનશ્રી,
વિષય : અમારી ભાડભૂત શાખા માંથી મેળવેલ ક્રેડીટ સુવિધા.

૧) અમારા **તા.૧૮.૦૩.૨૦૨૩** ના રોજના પત્ર માં **Retail-00001788267-LMS** જણાવ્યા મુજબ બેંકની બાકી અંગે ના સંદર્ભમાં તમારી ક્રેડીટ સુવિધાઓની મંજુરી અને મંજુરીની શરતો જણાવતા ઉપરોક્ત મંજુરીને અનુલક્ષીને તમારા દ્વારા જરૂરી સીકયુરીટી પુરી પાડીને ક્રેડીટ સુવિધાઓનો લાભ લેવામાં આવ્યો છે અને તેનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો છે. વિવિધ લોન/ક્રેડીટ સુવિધા ખાતાઓમાં અને સીકયુરીટી ઈન્ટરેસ્ટની બાકી વિગત નીચે મુજબ છે.

સુવિધા નો પ્રકાર	લીમીટ રૂા. માં	વ્યાજનો દર	03.10.2025ના રોજની બાકી	કરાર સહિત સુરક્ષિત કરેલ મિલકતની વિગત
ટર્મ લોન (ખાતા નં. 10८९०६ 0000 ૨૯૮૪)	રૂા. ૧૫,૫૦,૦૦૦/-	૮.૫૦% + ૨ % (પેનલ વ્યાજ) વાર્ષિક	રૂા.૧૫,૩૮,૧૧૦.૪૫/- (લાગુ નહી કરેલ વ્યાજ રૂા. ૧૬,૨૩૪.૭૨ + અનસવર્ડ વ્યાજ રૂા.૩૧,૧૭૨.૭૩ + ચકવૃદ્ધિ વ્યાજ રૂા.૬૪૯.૦૦) + વધારાનું વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ	ઈકવીટેબર મોર્ગેજ કરેલ મિલકત કે જે પ્લોટ નં. સી/૧,સી/૨, રીવાઈઝર્ડ પ્લોટ નં. ૬, બ્લોક નં.૨૯૨ તવરા ભરૂચ, તા. ૧૪.૦૮.૨૦૨૫ ના રોજ ટાઈટલ ડીડ ઈન્સ્ટ્રમેન્ટ રજીસ્ટર નં. ૧૦૮૫૦ સબ-રજીસ્ટ્રાર-ભરૂચ, જી.ભરૂચ ખાતે આવેલ છે.
કુલ :	રૂા. ૧૫,૫૦,૦૦૦/-		રૂા.૧૫,૩૮,૧૧૦.૪૫/- (લાગુ નહી કરેલ વ્યાજ રૂા. ૧૬,૨૩૪.૭૨ + અનસવર્ડ વ્યાજ રૂા.૩૧,૧૭૨.૭૩ + ચકવૃદ્ધિ વ્યાજ રૂા.૬૪૯.૦૦) + વધારાનુ વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ	

મિલકતની વિગત : તમામ ભાગ અને હિસ્સો ધરાવતી એન.એ જમીન રેવન્યુ સર્વે/બ્લોક નં.- ૨૯૨ પૈકી પ્લોટ નં. સી/૧ અને સી/૨ માપ ૧૪૧૮.૦૦ ચો.મી, રીવાઈઝર્ડ પ્લોટ પૈકી પ્લોટ નં.૬ પ્લોટ એરીયા માપ ૩૯.૭૩ ચો.મીટર વણવહેંચાયેલ હિસ્સા માપ ૧૧.૨૦૩ ચો.મીટર ગામ તવરા ની હદમાં, તા. અને જી. ભરૂચ (ગુજરાત) ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ :** પ્લોટ નં.૦૫, **પશ્ચિમ તરફ :** પ્લોટ નં.૦૭, **ઉત્તર તરફ :** સોસાયટીનો આંતરીક રોડ, **દક્ષિણ તરફ :** બિનખેતી જમીન.

૧. દસ્તાવેજ મુજબ તમે **તા.૨૦.૦૩.૨૦૨૩,** ના રોજના **રૂા.૧૫,૫૦,૦૦૦/-** અને બેંકની માર્ગદર્શિકા મુજબ અન્ય ચાર્જીસ ની તમારી જવાબદારી સ્વીકારી છે.
૨. તમે જાણો છો કે તમે **જુલાઈ ૨૦૨૫** માં પૂરા થયેલ ત્રિમાસિક ગાળામાં ઉપરોકત લોન / બાકી રકમના વ્યાજની ચુકવણી કરવામાં કસુર કરેલ છે. તમે **૦૪.૦૭.૨૦૨૫** ના રોજ અને ત્યાર બાદ ચુકવણની મુદતે પણ લોન / બાકી હપ્તાની ચુકવણીમાં કસુર કરેલ છે.
૩. તમે કરેલ કસુર બદલ તમારો ટર્મ લોન એકાઉન્ટ રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની જોગવાઈ મુજબ **તા.૦૨.૧૦.૨૦૨૫** ના રોજ **નોન-પરફોર્મીંગ એસેટ** તરીકે વર્ગીકૃત કરેલ છે. અમે વારંવાર વિનંતી કરી છતાં તમે તમારી મૂળ રકમ અને તેના પરના વ્યાજ વગેરે ચુકવ્યા નથી.
૪. લોન સવલત પ્રત્યેની તમારી જવાબદારી અદા કરવામાં તમે કસુરવાર થયા છો નિષ્ઠળ ગયા છો. ઉપરના પેરા-૧ માં જણાવેલ મિલકતો તમે ગીરો મુકેલ છે. જામીન સ્વરૂપે અને લોન ખાતું નોન-પરફોર્મીંગ એસેટ તરીકે વર્ગીકૃત થયેલ છે. આથી નોટીસ આપીએ છીએ કે સિકયુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ એન્ડ ઈન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની કલમ ૧૩ ની પેટા કલમ (૨) મુજબ નોટીસ આપી તમને પુરેપુરી રકમ જમા કરાવી ટર્મ લોન ખાતામાં બેંક પ્રત્યેની **રૂા.૧૫,૩૮,૧૧૦.૪૫/-(અંકે રૂા. પંદર લાખ આઠત્રીસ હજાર એકસો દસ અને પીસ્તાલીસ પૈસા પુરા) વધારાનુ વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ** આ નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા તમને જણાવાય છે. જણાવેલ તારીખ સુધીની તમામ બાકી રકમ વ્યાજ સાથે નહીં ચુકવો તો કથીત એક્ટની કલમ ૧૩ ની પેટા કલમ (૪) મુજબ વધુ કાર્યવાહી થશે.
૫. કૃપા કરી નોંધ લેશો, પુરી રકમ ચુકવવામાં નહિ આવે ત્યાં સુધી દરેક ઋણ સુવિધા માટે પેરા-૧ માં જણાવ્યા પ્રમાણેના દરેક વ્યાજ ચડવાનું ચાલુ રહેશે.
૬. તમારૂ ધ્યાન આ ધારાની કલમ ૧૩ તરફ દોરીએ છીએ જેની પરિભાષામાં પેરા-૧ માં જણાવેલ મિલકત વેચાણ, લીઝ કે અન્ય કોઈ રીતે સુરક્ષિત સંપત્તિને ટ્રાન્સફર કરવાનું તમારા પર પ્રતિબંધ મુકવામાં આવે છે.(સામાન્યા ધંધાકીય કામકાજ સિવાય) વધુમાં અમે એ જણાવીએ છીએ કે, આ ધારાની કલમ ૧૩(૧૩) પ્રમાણે જોગવાઈઓનું પાલન ન કરવું આ ધારાની ૨૮ હેઠળ દંડનીય અપરાધ છે.
૭. **વધુમાં અમે ધારા ૧૩ની પેટા ધારા ૮ મુજબ જો તમે બેંક ની બાકી રકમ વ્યાજ અને ખર્ચાઓ સહિત ચુકવી દઈ સુરક્ષિત કરેલ મિલકત-જાહેર હરાજી/ભાવપત્રક/ટેન્ડર/ખાનગી રીતે વેચાણ કરવા અંગેની નોટીસ પ્રસિદ્ધ થયા પહેલા છોડાવી શકો છો. મહેરબાની કરી નોંધ લેશો કે નોટીસની પ્રસિદ્ધિ પછી તમારો મિલકત છોડાવવાનો હકક પ્રાપ્ત થશે નહી.**
૮. કૃપા કરીને નોંધ લેશો કે આ નોટીસ કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વગર આપવામાં આવેલ છે અને તેથી કોઈ છુટ રાહત કે છુટછાટ કર્યાય પણ કોઈ રીતે મળશે નહીં. વધુ માંગણી માટેનો અમારો અધિકાર અબાધીત છે.

તા.૨૪.૧૦.૨૦૨૫, સ્થળ : તવરા,ભરૂચ અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા,ભાડભૂત શાખા

-: જાહેર ચેતવણી :-

આથી જાહેર ચેતવણી આપી જણાવવાનું કે, સુરત જીલ્લાના મજુરા તાલુકા, શહેર સુરતના મોજે ગામ ભટાર ના રેવન્યુ સર્વે નં. ૩૫/પૈકી ૧ તથા ૩૬/પૈકી ૧ થી નોંધાયેલી જમીન ઉપર આયોજીત **"બાલાજી ઈન્ડસ્ટ્રીયલ કો.ઓ. સર્વિસ સોસાયટી લી. વિભાગ-૨"** માં આવેલ **પ્લોટ નંબરઃ ૪૧** વાળો ખુલ્લો પ્લોટ જેનું ક્ષેત્રફળ ૧૬ × ૮૦ ફુટવાળી મીલકત **મણીદેવી સુરેન્દ્ર મલાહએ તારાબેન ધનસુખભાઈ ચેવલી** કનેથી ખરીદ કરેલ અને ત્યારબાદ તેઓ કનેથી સદરહુ મીલકત અમારા અસીલે સને-૨૦૦૩માં કબજા રસીદથી ખરીદ કરેલી અને ત્યારથી અમારો અસીલનો સ્વતંત્ર માલીકી, કબજો અને વપરાશ ચાલી આવેલ છે. હાલ સોસાયટીના કહેવાતા વહીવટદાર તરીકેની ઓળખ આપનાર **અશોકભાઈ ચોરાવાલાનાએ** બદદાનત રાખી અમારો પ્લોટ પચાવી પાડવા બોગસ ડોકયુમેન્ટ ઉભા કરેલ છે જેની સામે અમારા અસીલે પોલીસ ફરીયાદ કરેલ છે. સદરહુ મીલકત અમારા અસીલે કોઈને વાપરવા કે વેચાણ આપેલ નથી. જેથી સદરહુ મીલકત બાબતે **અશોકભાઈ ચોરાવાલા** કે **તારાબેન ધનસુભાઈ ચેવલી** સાથે કોઈપણ વ્યકિતએ કોઈપણ જાતના વ્યવહાર કરવા કરાવવા નહી અને કરશે તો તેઓ વિરૂધ્ધ અમારા અસીલ કાયદેસરની કાર્યવાહી હાથ ધરશે. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

ઠેકાણુંઃ એ-૮, પદમ આર્કેડ-૨, યોકી શેરી, ટીમલીયાવાડ, નાનપુરા, સુરત. મો.નં.૯૮૨૫૨ ૩૬૦૩૯
પંકજ કહાર
તે વિનોદકુમાર નાગેશ્વર કુશ્વાહા ના એડવોકેટ

જાહેર નોટીસ

આથી જાહેર જનતાને આ નોટીસ આપી જણાવવાનું કે, નીચે જણાવેલ વર્ણન અને વિગતવાળી મીલકત વિજયાબેન નરેશભાઈ દુધાત તથા નરેશભાઈ રામજીભાઈ દુધાતની માલીકની ચાલી આવેલી છે અને તેઓએ સદરહુ મીલકત એકસીસ બેંક લી., **RAC-SURAT** માં મોર્ગેજમાં મુકી લોન લીધેલ હતી જેનો લોન એકાઉન્ટ નંબર : **PHR004704160346** છે. તેમજ સદરહુ મીલકતના અસલ દસ્તાવેજો એકસીસ બેંક લી. માં લોન લીધી હતી તે સમયે બેંકમાં જમા કરાવેલા હતા. ત્યારબાદ લોન ભરપાઈ થઈ જતા સદરહુ મીલકતના અસલ દસ્તાવેજો વિજયાબેન નરેશભાઈ દુધાત તથા નરેશભાઈ રામજીભાઈ દુધાતને પરત કરેલ ત્યારે વેચાણ દસ્તાવેજ નંબર : ૧૦૨૬૮, તારીખ : ૦૬/૦૬/૨૦૧૯ આપવામાં આવેલ ત્યારે સદરહુ દસ્તાવેજના કુલ પાનાઃ ૩૮ માંથી પાના નંબર : ૩૭ મળી આવેલ નહી. જેથી નીચે જણાવેલ દસ્તાવેજ એકસીસ બેંક લી.ના કબજા ભોગવટામાંથી સદરહુ દસ્તાવેજના પાના નંબર : ૩૭ ગેરવલ્લે/ગુમ થયેલ છે જેથી સદરહુ મીલકતના માલીક વિજયાબેન નરેશભાઈ દુધાત તથા નરેશભાઈ રામજીભાઈ દુધાતએ એકસીસ બેંક લી. પાસેથી સદરહુ દસ્તાવેજના પાના નંબર : ૩૭ ગેરવલ્લે/ગુમ થઈ ગયેલ છે તે અંગેનુ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. આમ સદરહુ મીલકત બાબતે કોઈને કોઈપણ પ્રકારનો વાંધો વિરોધ અવરોધ અટકાયત કે તર-તકરાર હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં લેખીત પુરાવા સહીત જાણ કરવી. મુદત વિત્યે કોઈના કોઈપણ જાતના વાંધા વિરોધ અવરોધ આવેશે નહી તો એકસીસ બેંક લી. તરફથી સદરહુ દસ્તાવેજના પાના નંબર : ૩૭ ગુમ થયા અંગેનું સર્ટીફીકેટ આપવામાં આવશે અને ત્યારબાદ સદર મીલકતના માલીક સદરહુ મીલકત ઈકવીટેબલ ગીરોમાં લેશે અને પાછળથી કોઈના કોઈ પણ જાતના વાંધા ચાલશે નહી અને તેવી વ્યકિતઓને કોઈપણ જાતના હકક પ્રાપ્ત થશે નહિ. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

-: : ગેરવલ્લે/ગુમ થયેલ દસ્તાવેજની વિગત : :-
(૧) અસલ વેચાણ દસ્તાવેજ નંબર : ૧૦૨૬૮, તારીખ : ૦૬/૦૬/૨૦૧૯ ના પાના નંબર : ૩૭.

-: : મીલકતની વિગત : :-
સુરત ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ કામરેજના મોજે : ખોલવડના રેવન્યુ સર્વે નંબર : ૧૩૪, બ્લોક નંબર : ૩૦૩૯ (જુના બ્લોક નંબર : ૩૩૩), ટી. પી. સ્કીમ નંબર : ૪૭ (ખોલવડ-ભાદરા), ઓ.પી. નંબર : ૯૦એ તથા ૯૦/બી, ફા. પ્લોટ નંબર : ૯૦ વાળી જમીન ઉપર આવેલ "અમૃત કુંજ" માં આવેલ "બિલ્ડીંગ નંબર : એમ/૧" માં "ત્રીજા માળ (મંજુર થયેલ પ્લાન મુજબ બિલ્ડીંગ નંબર : સી૧-બી માં બીજા માળ)" ઉપર આવેલ "ફલેટ નંબર : ૩૦૧" વાળી મીલકત.

ઠે. :- ડી/૧૧૩, વિશાલનગર સોસાયટી, ગુજરાત ગેસ સર્કલ પાસે, અડાજણ, સુરત. તા. ૧૮/૧૨/૨૦૨૫. મો. નં. : ૯૮૨૫૮-૮૨૮૩૦
-:: અમારી મારફત ::-
કલ્પેશ ડી. પટેલ
તે એકસીસ બેંક લી. RAC-SURAT ના એડવોકેટ

-:: ખેતીની જમીન વેચાણ અંગેની જાહેર નોટીસ ::-

ડિસ્ટ્રીકટ-સુરત, સબ ડિ. તથા તાલુકો માંગરોળનાં મોજે ગામ સીમોદરાનાં ખેડ ખાતા નં. ૧૭૫, જેનો બ્લોક નં. ૧૭૯ થી નોંધાયેલ જુની શરતની ખેતીની જમીન, જેનું રેવન્યુ રેકર્ડ મુજબ ક્ષેત્રફળ સુમારે હે.આરે. ૦-૪૫-૬૬ ચો.મી. છે. જેનો આકાર રૂ. ૫.૧૦ પૈસા છે. મજકુર જમીનનાં માલિકો (૧) ધનજીભાઈ ગોમાનભાઈ સોલંકી (૨) ઉષાબેન ધનજીભાઈ સોલંકી (૩) કેતનકુમાર ધનજીભાઈ સોલંકી તથા (૪) શીતલબેન ધનજીભાઈ સોલંકી એ મજકુર જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. આથી લાગતા વળગતા તમામને જણાવવામાં આવે છે, મજકુર ખેતીની જમીન બાબતે કોઈપણ સહકારી મંડળી, સરકારી, અર્દ્ધસરકારી બેંક, સંસ્થા, શખ્સ કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગ ભાગ, હકક-હિત, હિસ્સો, અધિકાર, બોજો, દરદાવો કે મજકુર જમીન ખરીદ કરવા અંગેના લેખિત લખાણો કર્યા હોય તો તેમણે આ **નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન - ૭ (સાત)** માં તે અંગેના તમામ પુરાવાઓ સાથે અમારા નીચેનાં સરનામે રૂબરૂમાં અથવા તો લેખિત જાણ કરીને તેની ખાત્રી કરાવી લેવી. જો તેમ કરવામાં નહીં આવે તો, મજકુર ખેતીની જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગ, ભાગ, હકક, હિત, હિસ્સો, અધિકાર, બોજો કે દર દાવો નથી, અને હોય તો તેમણે જતો કરેલ છે તેમ સમજી, અમારા અસીલ મજકુર ખેતીની જમીન ખરીદ કર્યાના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ તે અંગેની કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર, દર-દાવો કે ફરિયાદ ચાલશે નહીં તેની લાગતા વળગતાએ નોંધ લેવી. **તા. ૧૮/૧૨/૨૦૨૫**

રમણીકભાઈ પી. વેકરીયા તે ખરીદનારના એડવોકેટ
ઓફિસ : બી/૭૦૬, આરજેડી બિઝનેસ હબ, નગીનાવાડી સામે, બડા ગણેશ મંદિર પાછળ, સુમુલ ડેરી રોડ, કતારગામ, સુરત.

વેચાણ દસ્તાવેજ કરી આપતા પહેલાની ટાઈટલ ક્લિયરન્સ અંગેની જાહેર નોટીસ

**આથી જાહેર જનતાને જણાવવાનું કે, સુરત જિલ્લાના બારડોલી તાલુકાના મોજે ગામ : મોતા ના બ્લોક નંબર : ૧૮૧/પૈકી ૨, બિનખેતી થયા બાદ જિલ્લા : સુરત, સિટી સર્વે ઓફીસ : બારડોલી, વોર્ડ : મોતા (બીનખેતી), શીટ નં.NA99, સીટી સર્વે નં.NA181/p2 થી સત્તા પ્રકાર : સી થી નોંધાયેલ છે. જેનું સીટી સર્વે દફતરે ક્ષેત્રફળ ૧૪૦૬૩ ચો.મી. છે. જે જમીન રમેશભાઈ જાદવભાઈ ગાંગાણી ના સ્વતંત્ર નામે વેચાણ હક્કે ચાલી આવેલ છે. સદરહું જમીનના અમો સ્વતંત્ર માલિક, મુખત્યાર, કબજેદાર હોઈ સદરહું મિલકત અમોની સ્વતંત્ર માલિકી, પ્રત્યક્ષ કબજા, ભોગવટા, વહીવટવાળી તેમજ કલીયર માર્કેટેબલ ટાઈટલ્સ તથા કોઈપણ પ્રક